# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એકટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)


સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૨૮૯૮ તા.૦૩/૦૮/૨૦૧૯

**પરિપત્ર-૮૯૯**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાશ્રીઓ તથા યુનિવર્સિટીમાં કાર્યરત તમામ કર્મચારીઓને જણાવવાનું કે સંપૂર્ણ વિશ્વના આદિવાસીઓના સંરક્ષણ અને વિકાસ માટે તેમજ તેઓની વિશિષ્ટ સંસ્કૃતિના જતન માટે તેમજ પ્રકૃતિ અને પર્યાવરણના રક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા, ૯મી ઓગસ્ટ ને "INTERNATIONAL DAY OF WORLD INDIGENIOUS PEOPLE – વિશ્વ આદિવાસી દિન " જાહેર કરેલ છે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીનો વિસ્તાર આદિવાસી સમુદાયથી બહુત્વ ધરાવે છે. શ્રી ગોવિંદ ગુરૂ એ આદિવાસીઓને સંગઠિત કરીને અંગ્રેજો સામે વિદ્રોહનો શંખ ફૂક્યો હતો. સમાજમાંથી ખોટી માન્યતાઓ, અંધશ્રદ્ધાઓ, વેઠપ્રથા, દારૂની બદી વગેરે દુર કરી પ્રજાને શિક્ષણ તરફ વાળી શ્રી ગોવિંદ ગુરૂએ વિશાળ સામાજિક અને શૈક્ષણિક આંદોલન શરૂ કરેલું જેને આજે પણ લોકો "ભગત અંદોલન" તરીકે ઓળખે છે. જેમના બેજોડ ઐતિહાસિક આંદોલનને કારણે રાજ્ય સરકારશ્રી દ્વારા મધ્ય ગુજરાતમા સ્થાપિત આપણી યુનિવર્સિટીનું નામાંકન "શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી" કરવામાં આવ્યું છે. આમ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના આચાર્યશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ આગામી ૯ મી ઓગસ્ટ ૨૦૧૮ ના રોજ "વિશ્વ આદિવાસી દિન" નિમિતે આદિવાસી સંસ્કૃતિને લગતા તેમજ મહાન વિભૂતિ શ્રી ગોવિંદ ગુરૂ ને લગતા વિવિધ સંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગી થઇ શકે તે માટે, આ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રો/સંથાઓ અને યુનિવર્સિટીમાં આગામી તા.૦૯/૦૮/૨૦૧૯ના રોજ શૈક્ષણિક અને વહીવટી કાર્ય બંધ રાખી રજા જાહેર કરવામાં આવે છે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ.
- યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો/માન્ય પી. જી. કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રી/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- આ યુનિવર્સિટીમાં કાર્યરત તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ તરફ જાણ સારું.

Scanned by CamScanner